# શહેરમાં નવા ૪ કેસ : ગ્રામ્યમાં વધુ ૭ કેસ

**રાજ્ય સરકારના આરોગ્ય વિભાગની યાદીમાં જણાવ્યા પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં વધુ ૧૧ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર હચમચી ઉઠ્યું હતું. જેમાં શહેરમાં ૪ કેસ સેક્ટર-૧૩, ૧૪, ૨૧ અને ધોળાકુવા જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં રૂપાલ, સાદરા, ભીમપુરા, પુન્દ્રા અને માણસા અર્બનમાં એક-એક કેસ નોંધાયા છે. જિલ્લામાં આ સાથે કુલ કેસોની સંખ્યા ૨૨૧ થઈ છે અને જે પૈકી ૯૭ કેસ એક્ટિવ કેસ તરીકે હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જ્યારે ૧૧૪ દર્દીઓને સાજા થતાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.**

## શહેરમાં વધુ ૪ કેસ નોંધાયા

### સે. ૧૩ અને સે. ૧૪ ની મહિલાના કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યા : સે. ૧૪ માં હાઉસીંગ બોર્ડના મકાનોના વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોનમાં મુકાયા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ બે કેસ પોઝીટીવ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલ કેસોની સંખ્યા ૮૧ પર પહોંચી છે.

આજે નોંધાયેલા બન્ને કેસ મહિલા દર્દીના છે. જેમાં એક મહિલા કોરોના વોરિયર છે. આ બન્ને દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સે. ૧૩ અને સે. ૧૪ માંથી આ બે કેસ મળી આવ્યા છે. સે. ૧૩-બી માં રહેતી મહિલા દર્દી કિડની હોસ્પિટલ અમદાવાદ ખાતે સ્ટાફ નર્સ તરીકે સેવાઓ આપે છે.

આ મહિલા દર્દીનો રિપોર્ટ આજે પોઝીટીવ આવ્યો છે. તંત્રએ દર્દીના નિવાસસ્થાનને સેનીટાઈઝેશન કરવા ઉપરાંત આ દર્દીના ઘરની આસપાસના વિસ્તારોમાં સઘન સર્વેલન્સના આદેશો જારી કર્યા છે.

આ ઉપરાંત આ દર્દીના ઘરમાં રહેતા પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

સે. ૧૪ માં આવેલ હાઉસીંગ બોર્ડના ક્વાટર્સમાં રહેતી એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તંત્રએ આ દર્દીના ઘરની આસપાસના વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોનમાં મુકી અને તે અંગેનું જાહેરનામુ પણ જારી કરી દીધુ છે. આ ઉપરાંત આ વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે આ મહિલા દર્દીના પરિવારની ૪ વ્યક્તીઓને ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં ખસેડવામાં આવ્યા છે. આ મહિલા ૪ દિવસ પહેલાં અમદાવાદ શહેરના વાડજ વિસ્તારમાં ગયા હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૭ કેસ

### ગાંધીનગર ગ્રામ્ય કેસોની સંખ્યામાં વધારો : ગાંધીનગર તાલુકામાં બે, માણસામાં 3 કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ સાત કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોથી તંત્રમાં ચિંતાનો માહોલ વધુ ગંભીર થતો જાય છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાંથી ૨ કેસ મળી આવ્યા છે. તાલુકાના રૂપાલ ગામેથી કોરોનાનો પ્રથમ કેસ મળી આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે આજે રૂપાલ ખાતે નોંધાયેલ કેસનો દર્દી અમદાવાદ નજીકની એક ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો અને અપડાઉન કરતો હતો. તેનો રિપોર્ટ આજે પોઝીટીવ આવેલ છે.

આ ઉપરાંત બીજો કેસ ગાંધીનગર તાલુકાના સાદરા ગામેથી મળ્યો છે. સાદરાના વતની પણ વર્ષોથી વ્યવસાય માટે કપડવંજ સ્થાયી થયેલ આ દર્દી વ્યવસાયે ડેન્ટીસ્ટ છે.

સાદરા ખાતે લોકડાઉન પહેલાં ધાર્મિક કાર્યક્રમને લઈ આવ્યા હતા પરંતુ લોકડાઉન બાદ તેઓ અહિ જ રોકાઈ ગયા હતા. તેમનો રિપોર્ટ આજે પોઝીટીવ આવ્યો છે.

આ બન્ને દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

માણસા તાલુકામાં આજે ૩ કેસ નોંધાયા છે. ભીમપુરા, પુંધરા

● અનુસંધાન પાન-૭ પર

### જિલ્લામાં વધુ એક દર્દીનું મોત

ગાંધીનર જિલ્લામાં કોરોનાની સારવાર દરમ્યાન આજે વધુ એક દર્દીનું મોત થયુ છે. આ સાથે જિલ્લામાં કોરોનાથી મૃત્યુનો આંક ૧૨ થયો છે.

મળતી વિગતો પ્રમાણે ચેખલાપગીનો દર્દી જે એક દિવસ પહેલાં જ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોરોનાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં દાખલ થયેલ હતો. આજે તેનુ દુઃખદ અવસાન થયુ છે. દહેગામ તાલુકામાં બે દિવસમાં બે દર્દીના મોત થતાં સમગ્ર તાલુકામાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે તેમજ લોકો ચિંતાતુર બન્યા છે. દહેગામ તાલુકામાં કોરોનાથી આજ સુધીમાં ૪ વ્યક્તીના મૃત્યુ થયા છે.

## ગાંધીનગર રાજયમાં સૌથી ગરમ શહેર



### તાપમાન ૪૩.૮ ડીગ્રી : ગરમીનો પારો ૧.૮ ડીગ્રી ઉંચકાયો : નગરજનો ગરમીથી બેબાકળા જનજીવનમાં સન્નાટો : ગઇકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૧.૮ ડીગ્રી ઉંચકાયો

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં ગરમીનો પારો આજે ૧. ૮ ડીગ્રી ઉંચકાતા મહત્તમ તાપમાન ૪૩.૮ ડી ગ્રી પહોંચી ગયુ હતુ. શહેરમાં છેલ્લા એક સપ્તાહથી ગરમીનો પ્રકોપ યથાવત છે. જયારે આજે ગરમીનુ પ્રમાણ નોંધપાત્ર વધ્યુ હતુ. દિવસ દરમિયાન આકાશમાંથી અંગારા વરસતા ચામડીને દાહ આપતી ગરમીથી બચવા માટે નાગરિકો ઘરમાં પુરાયેલા રહ્યા હતા. સમગ્ર રાજયમાં ગાંધીનગર સૌથી ગરમ શહેર બન્યુ હતુ.

ગાંધીનગરમાં ગરમીનો પારો સતત ચઢઉતર થયા કરે છે. છેલ્લા ૧૦ દિવસથી ગરમીનુ જોર વધ્યુ છે. સિઝનની રેકર્ડ બ્રેક ગરમી પણ આ દિવસોમાં જ નોંધાઈ છે. બે દિવસ અગાઉ મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રીએ પહોંચી જવાની સાથે અત્યાર સુધી ગાંધીનગર સૌથી ગરમ શહેર તરીકે પણ ઉભરી આવ્યુ છે. શહેરમાં છેલ્લા એક સપ્તાહથી ગરમીનો મિજાજ ઉગ્ર જોવા મળી રહ્યો છે. દિવસ દરમિયાન આગ ઓકતી ગરમીએ જનજીવનને પણ પ્રભાવિત કર્યુ છે. લોકડાઉનની અસર વચ્ચે ગરમીએ પણ તેનો અસલ મિજાજ દેખાડી દેતા નગરજનો હવે કોરોના અને ગરમીથી બચવા માટે કામ સિવાય ઘરની બહાર નિકળતા નથી જયારે આજે પણ ગરમીનો પારો ઉંચે ચઢતા દિવસનો તાપ અસહ્ય બન્યો હતો. મહત્તમ તાપમાન ૪૩. ૮ ડીગ્રી પહોંચી ગયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન પણ ૨૮ ડીગ્રી નોંધાયુ હતુ. છેલ્લા ૧૦ દિવસથી ગરમીનો પારો સતત ૪૧ ડીગ્રીની ઉપર જોવા મળી રહ્યો છે. આકરી ગરમીથી પ્રભાવિત નાગરિકો બેબાકળા બની ગયા છે. લોકડાઉનમાં સવારથી બપોર સુધી બજારો ખુલ્લા રાખવા માટે સરકારે છુટછાટ આપી છે. પરંતુ વેપાર ધંધાને હાલ કોરોનાની સાથે ગરમીનુ પણ ગ્રહણ લાગ્યુ છે. આવા સંજોગોમાં ગરમી સતત

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર-અમદાવાદ વચ્ચેના રોજીંદા વ્યવહારથી સંક્રમણ વધવાનો ભય હજુ યથાવત

### કોરોનાથી ડરવુ નથી સતર્કતાથી લડવુ જરૂરી છે

**કથા કોરોનાના કકળાટની...**

વિશ્વના પ્રતિષ્ઠિત દૈનિક ન્યુયોર્ક ટાઈમ્સમાં આજે પ્રથમ પાને કોરોનાથી મૃત્યુ પામનાર એક હજાર કમનસીબોના નામ છાપ્યા છે. વિશ્વભરમાં ચર્ચા જાગી છે કે આખા પાનામાં બીજા કોઈ સમાચાર નહી માત્ર મૃતકોની યાદી જ છાપીને ન્યૂયોર્ક ટાઈમ્સ શુ સંદેશ આપવા માંગે છે. જો કે એના જ બીજા પાને ઉલ્લેખ કર્યો છે કે મીડિયા તરીકેની ભૂમિકા અદા કરવા પ્રજાની ગંભીરતા માટે અમે આ યાદી છાપી છે. ખૂબ જ અસરકારક ભૂમિકા ગણી શકાય. આ જ વાત આજે ગાંધીનગરના સંદર્ભમાં કરવી છે. રોજેરોજ કોરોનાની આચારસંહિતાના અનુપાલન માટે સરકાર અને મીડિયા અપીલ કરે છે. લોકડાઉન-૪ માં આર્થિક પ્રવૃત્તિને કાર્યરત કરવા શરતી આંશિક છૂટછાટો અપાઈ છે. ત્યારે છૂટછાટોનો સદ્‌ઉપયોગ કરવાને બદલે વધતો જતો દૂરઉપયોગ ચિંતાજનક બને છે. આપણા શહેરમાં પચાસ ટકાથી વધુ સમાજનો એવો વર્ગ છે કે આચારસંહિતાનું અક્ષરઃ પાલન કરે છે. એને સલામ છે, વંદન છે. પરંતુ બાકીનો કેટલોક ભાગ બેફિકરાઈથી ફરે છે. જેના પગલે ચેપગ્રસ્તોની સંખ્યા ક્યારે વધી જાય તે કહેવુ મુશ્કેલ છે.

બીજુ રાજ્યનું સૌથી મોટુ હોટ સ્પોટ ગણાતા અમદાવાદ સાથે આપણા રોજીંદા વ્યવહારો છે. ગાંધીનરથી બારથી પંદર હજાર નોકરીયાતો અને વિદ્યાર્થીઓ કે વેપારીઓ રોજેરોજ અમદાવાદ જાય છે અને એ જ રીતે બારથી પંદર હજાર નોકરીયાતો ગાંધીનગર આવે છે. અમદાવાદના દર્દીઓનો ચેપ ગાંધીનગરમાં પહોંચતા વાર લાગતી જ નથી. શહેરના ૮૧ દર્દીઓની હિસ્ટ્રી તપાસીએ તો ૨૫ થી ૨૮ દર્દીઓ તો અમદાવાદ નોકરી અર્થે જતાં નાગરિકો છે અને બાકીના ૨૫-૩૦ એનાથી સંક્રમિત થયેલા સગાવહાલા છે. આ સ્કેલ ક્યારે મોટો થઈ જશે એની આપણને ખબરેય નહી પડે. આ માત્ર ભય માટેની વાત નથી. સતર્કતા માટેની વાત છે. ગાંધીનગર સમાચારની મીડિયા તરીકેની ભૂમિકા અદા કરવા વારંવાર અમે સતર્કતા માટે અપીલ કરીએ છીએ. રોજ સાંજે રાજ્ય સરકાર દ્વારા જાહેર થતાં સંક્રમિતોના આંકડા તો માત્ર સરકારી દફતરમાં નોંધાયેલા છે એ જ છે. જે ખાનગી હોસ્પિટલોમાં સારવાર લે છે કે હજુ જેમણે ટેસ્ટ કરાવ્યા નથી કે થયા નથી એવા અસંખ્ય દર્દીઓ આપણી વચ્ચે ક્યારે સંપર્કમાં આવ્યા હોય એની કલ્પના પણ ન હોય તે સ્વાભાવિક છે. આમ છતાં જો વ્યક્તિગત સતર્કતા જાળવવામાં આવશે તો સંક્રમણના ભોગ બનવાનુ અટકાવી શકાશે અને એટલે જ કોરોનાથી ડરવાની જરૂર નથી પરંતુ સતર્ક રહેવાની સતત જરૂર છે.

### રવિવારની રજા સાથે આકરી ગરમીના લીધે

## શહેરમાં સંપુર્ણ લોકડાઉનની અસર જોવા મળી

### બપોર થતા જ નાગરિકો ઘરમાં પુરાઇ ગયા સવારે પણ માત્ર બે કલાક જ બજારમાં ચહલ પહલ જોવા મળી





ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં આજે આકરી ગરમીની સાથે રજાનો દિવસ હોવાથી શહેરમાં સંપુર્ણ લોકડાઉન હોય તેવી સ્થિતિ જોવા મળી હતી. સવારના સમયે બે કલાક જ નગરના શોપિંગ બજારોમાં થોડી ચહલ પહલ જોવા મળી હતી. જયારે આખો દિવસ નાગરિકો કોરોના અને ગરમીથી બચવા માટે ઘરમાં જ પુરાયેલા રહ્યા હતા. રજાનો દિવસ હોવાથી ગરમી પ્રકોપ વચ્ચે નાગરિકો સ્વયં શિસ્તમાં ઘરમાં જ રહ્યા હતા.

શહેરમાં આજે આકરી ગરમી વચ્ચે રજાનો દિવસ હોવાથી સેકટરોમાં સંપુર્ણ લોકડાઉનની અસર જોવા મળી હતી. શહેરમાં સતત ૫૫ દિવસ સુધી લોકડાઉન રહ્યા બાદ સરકારે છેલ્લા એક સપ્તાહથી લોકડાઉનમાં થોડી છુટછાટ આપી છે.જેના લીધે બે ચાર દિવસથી કામ ધંધા ધમધમતા થયા છે. પરંતુ લોકડાઉનમાં છુટછાટની સાથે વાતાવરણમાં ગરમીનુ જોર પણ વધતા બપોરના સમયે આમ પણ શહેરન શોપિંગ બજારોમાં સન્નાટો જોવા મળી રહ્યો છે. ત્યારે સવારના બે કલાક બાદ કરતા બપોરના સમયે આમ પણ કડક લોકડાઉનનો અમલ થઈ રહ્યો હોય તેવી સ્થિતિ છે. નાગરિકો કારણ વિના ઘરની બહાર નિકળતા નથી જયારે હવે કોરોનાની સાથે આકરી ગરમી પણ નાગરિકોને ઘરમાં જ રહેવા મજબુર કરી રહી છે. લોકડાઉન વચ્ચે ગરમીનો મિજાજ પણ ઉગ્ર બન્યો છે. આવા સંજોગોમાં આજે રજાના દિવસે ગરમી પણ વધુ હોવાથી શહેરમાં દિવસ દરમિયાન સંપુર્ણ સન્નાટો જોવા મળ્યો હતો. નગરના શોપિંગ બજારોમાં પણ કામ સિવાય નાગરિકો આંટા મારતા નજરે પડયા ન હતા. જયારે જરૂરી ચીજવસ્તુઓ પણ સવારના સમયે જ ખરીદી લીધી હતી. બપોરના ૧૨ વાગ્યા બાદ નાગરિકો સદંતર ઘરમા ંપુરાઈ ગયા હતા. જેના લીધે સમગ્ર શહેર સંપુર્ણ લોકડાઉનની ગિરફતમાં આવી ગયુ હોય તેવો અહેસાસ નગરજનોએ કર્યો હતો.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com